


## થરા હાઇવે ઓથોરિટીની દબાણ હટાવ ઝુંબેશથી સ્વયંભૂ દબાણો હટ્યા

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરામાં કેટલાય સમયથી હાઈવે દ્વારા બનાવાયેલ ફુટપાથ ઉપર લારી ગલ્લાવાળાઓએ દબાણ કરતા રાહદારીઓ અને ૧૦૮ જેવી આરોગ્ય વિષયક સેવાઓને અસર થતાં તેમજ ટ્રાફિક સમસ્યા સર્જાતા નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા દબાણ હટાવની ચીમકી આપતાં ૫૦થી વધુ દબાણો સ્વયંભૂ હટાવાયા હતા તેમાં કેટલાક દબાણો હજી પણ યથાવત રહેવા પામ્યા હતા. થરા ખાતે ગુરૂવારે સવારે નેશનલ હાઈવે ઓથોરિટી હદ વિસ્તારમાં આવેલા લારી ગલ્લા વાળાના દબાણો દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરાતાં છેવટે ના છુટકે ભારે હૈયે દબાણો સ્વંયભૂ દુર કરવાની શરૂઆત થઈ હતી. આ કામગીરીમાં એન.એચ.એ.આઈના અધિકારી શેખાવત થરા પાલિકાના ચીફ ઓફિસર સહિતનો સ્ટાફ ખડેપગે રહ્યો હતો. દબાણોમાં ખાસ કરીને દુકાનદારોના ગેરકાયદેસર છઝા, લારી ગલ્લા વગેરેનો સમાવેશ થતો હતો. હજી પણ કેટલાક દબાણો યથાવત છે તેને પણ હાઈવે ઓથોરિટીના સત્તાવાળાઓ બીજા દિવસે હટાવી દેશે તેવું જાણવા મળ્યુ હતું.

# પ્રાંતિજ ખાતે નવ કરોડના ખર્ચે તૈયાર થયેલ રોડમાં ઠેરઠેર ગાબડાં

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના હાર્દ સમાન પ્રાંતિજ ત્રણ રસ્તાથી રેલ્વેસ્ટેશન સુધીના રોડ ઉપર ઠેરઠેર ગાબડાં પડતાં વાહનચાલકો સહિત સ્થાનિક લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. તંત્ર દ્વારા પડેલ ગાબડા પણ ના પુરવામાં આવતાં રોડ ઉપરથી અવરજવર કરવું પણ વાહન ચાલકોને ભારે પડયું છે.



પ્રાંતિજ ત્રણ રસ્તાથી રેલ્વે સ્ટેશન સુધીનો નવીન બનાવેલ નવ કરોડના ખર્ચે તૈયાર થયેલ રોડ ઉપર માત્ર છબછબિયાં વરસાદમાં જ રોડ ઉપર ઠેર-ઠેર મોટા-મોટા ખાડા પડી ગયા છે. આ માર્ગ ઉપર તાલુકા સેવાસદન, તાલુકા પંચાયત, કોલેજો, સ્કૂલો, સામાજીક સંસ્થાઓ આવેલ છે. રોજના હજારો લોકો અવર-જવર કરે છે તો એક વર્ષ પહેલાં આર.એમ.બી વિભાગ દ્વારા કરોડોના ખર્ચે બનાવવામાં આવેલ રોડ ઉપર ઠેર-ઠેર મસ્ત મોટા ખાડા પડી જતાં ખાડામાં વરસાદી પાણી ભરાઈ જતાં પાણી હોવાથી ખાડાની ખબર ના પડતાં વાહનચાલકો વાહન સાથે પટકાય છે. તેવોને ઈજાઓ પોહચે છે તો વાહન ખાડામાં પટકાતા વાહન ચાલકોને નુકશાની સહન કરવાનો વારો આવે છે તો આજ રોડ ઉપરથી દિવસ દરમ્યાન અધિકારીઓ સહિત હજારોની સંખ્યામાં લોકો અવરજવર કરે છે. તંત્ર હાલ તો ચુસ્કી રાખીને બેઠું છે ત્યારે હાલ તો સ્થાનિક તથા અવરજવર કરતા વાહનચાલકો દ્વારા તંત્રમાં રજુઆત કરવા છતા જવાબદારતંત્રનું પેટનું પાણી પણ હલતું નથી. ત્યારે વાહનચાલકોની માંગણી છે કે રોડ ઉપર પડેલ ગાબડાં તાત્કાલિક ધોરણે પુરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

## અરવલ્લી જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેનપદે ડૉ. ચિરાગ ઉપાધ્યાયની નિમણૂક

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જીલ્લા પંચાયતમાં કોંગ્રેસ સત્તાધારી પક્ષની અઢી વર્ષ માટે વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી હતી. જેમાં મોડાસાના માજી ધારાસભ્ય, સાબરકાંઠા જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને



અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના સહકારી આગેવાન અંબાલાલ ઉપાધ્યાયના પૌત્ર ડૉ. ચિરાગ ઉપાધ્યાયની જીલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન તરીકે નિમણુંક થતા બુધવારે જીલ્લા પંચાયતમાં ચાર્જ સંભળાતા જીલ્લામાંથી મોટી સંખ્યામાં કોંગ્રેસના અગ્રણીઓ, સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલા અગ્રણીઓ સહીત બ્રાહ્મણ સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પુષ્પગુચ્છ, ફુલહાર અને શાલ ઓઢાડી શુભેચ્છા પાઠવી હતી.




### ધનસુરામાં સ્વ. અટલબિહારી વાજપેયીને શ્રદ્ધાંજલિ અપાઈ

ધનસુરા એપીએમસી ખાતે પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. જેમાં અરવલ્લી ભાજપ પ્રમુખ રણવિરસિંહ ડાભી, પૂર્વ ધારાસભ્ય દિલિપસિંહ પરમાર, ધનસુરા કેળવણી મંડળના પ્રમુખ કાન્તિભાઈ પટેલ, સાબરકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હેમલત્તાબેન પટેલ, અરવલ્લી ભાજપના ઉપપ્રમુખ અતુલભાઈ બ્રહ્મભટ્ટ, ધનસુરા તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ અનિલભાઈ પટેલ, મનોજભાઈ પટેલ, નરેન્દ્રભાઈ પટેલ, અરવલ્લી મહિલા મોર્ચાના પ્રિતિબેન ઠેકડી સહિત મોટી સંખ્યામાં કાર્યકરો અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પાલનપુરમાંથી સ્કોપીયોની ઉઠાંતરી

પાલનપુર ખાતે તસ્કર ટોળકી સક્રિય થવા પામી છે. જેમણે સ્કોપીયોની ઉઠાંતરી કરી હતી. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ શહેરના સુખબાગ રોડ વિસ્તારમાં આવેલી સોમનાથ સોસાયટીમાં રહેતા ઉમેશભાઈ ભવરલાલ જાંગીડે તેમની સ્કોપીયો ગાડી નં. જીજે. ૦૮. એફ. ૮૩૬૫ મકાન નજીક પાર્ક કરી હતી. જેની કોઈ અજાણ્યા શખ્સો રાત્રિના સમે ઉઠાંતરી કરી ગયા હતા. આ અંગે ઉમેશભાઈએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# બનાસકાંઠાના કાંકરેજના વડા ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ઓનલાઈન લોકાર્પણ કરાયુ

કાંકરેજ, તા. ૩૦

બનાસકાંઠા જીલ્લાના કાંકરેજ તાલુકાના વડા ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામિણ) અંતર્ગત રૂ. ૧૦૫.૪૬ કરોડના ખર્ચે ૭૦૫૬ લાભાર્થીઓનો સામુહિક ઈ ગ્રુહ પ્રવેશ યોજાયો હતો. જેમાં કાંકરેજ તાલુકાના વડા ગામે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વડા ખાતે આજ રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્રમોદીના હસ્તે ઓનલાઈન લોકાર્પણ વલસાડ સીધુ ઓનલાઈન લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. તેમાં વડાના લાભાર્થી સાથે દેશના વડાપ્રધાન સાથે સિધો ઓનલાઈન સંવાદ કરવામાં આવ્યો હતો. તેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના વિશેની માહિતી જાણવામાં આવી હતી. આ યોજના અંતર્ગત વડા ગામે ૧૧૦ લાભાર્થીઓને ઘરના ઘરનો લાભ મળે તે અંતર્ગત આવાસોનો લાભ મળ્યો છે. તેની સાથે વિજળી, રોડ રસ્તાઓ, પીવાના પાણી, શૌચાલય, ગેસની સગડી સાથે ગેસનો બાટ્લો વગેરે સુવિધાઓ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બનાસકાંઠાના સાંસદ અને કેન્દ્રિય મંત્રી હરીભાઈ



ચૌધરીના હસ્તે લાભાર્થીઓને ગેસની સગડીની કીટનુ વિતરણ કરાયુ હતુ.

આ કાર્યક્રમમાં બનાસકાંઠા જીલ્લાના સાંસદ અને કેન્દ્રીયમંત્રી હરીભાઈ ચૌધરી, ડીસાના ધારાસભ્ય શશીકાન્તભાઈ પંડયા, કાંકરેજ ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલા, પુર્વ ધારાસભ્ય મગનસિંહ વાઘેલા, થરા એ.પી.એમ.સી.ના ચેરમેન અણદાભાઈ પટેલ, જીલ્લા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરીયા, મગનલાલ માળી, મહેશભાઈ દવે, ડાયાભાઈ પિલિયાતર, ઈસુભા વાઘેલા, કિશોર પ્રજાપતી, જીલ્લા વહીવટી અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર તેમજ ભાજપના હોદેદારો, કાર્યકરો, યુવાનો, ભાઈઓ, બહેનો, લાભાર્થીઓ વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા.

## નાંદીસણ પાટિયા નજીક કારની અડફેટે બાઈકચાલકનું મોત

અમદાવાદ-ઉદેપુર ને.હા.૮ પર શામળાજી નજીક આવેલા નાંદીસણ ગામના પાટિયા નજીકથી બાઈક લઈ પસાર થતા કુડોલ કંપા ગામના સિધ્ધરાજસિંહ મહેન્દ્રસિંહ સીસોદીયા (ઉં.વર્ષ-૨૦)ને ક્રેટાકાર (ગાડી. નં. આરજે. ૧૨. સીએ. ૭૩૦૦)ના ચાલકે પુરઝડપે ગફલતભરી રીતે હંકારી ટક્કર મારતા બાઈક ચાલક યુવાન સિધ્ધરાજસિંહ રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે મોત નિપજતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ શામળાજી પોલીસેને જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી મૃતક યુવાનના મૃતદેહને પીએમ માટે મોકલી આપી મૃતક યુવાનના પિતા મહેન્દ્રસિંહ ઈન્દ્રસિંહ સિસોદીયાની ફરિયાદના આધારે ફરાર કારચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મોડાસામાં ૧૮૧ અભયમ મહિલા સુરક્ષા સંમેલન યોજાયું

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં



શ્રી.મ.લા.ગાંધી કોલેજ કેમ્પસમાં બુધવારે "૧૮૧ અભયમ" મહિલા સુરક્ષા સંમેલન ગુજરાત વિધાનસભાના દંડક ભરતસિંહ ડાભીની અધ્યક્ષતામાં યોજાયું હતું. જેમાં સંસદ દીપસિંહ રાઠોડ, કલેક્ટર એમ.નાગરાજન, જીલ્લા વિકાસ અધિકારી હસિત ગોસાવી, જીલ્લા પોલીસવડા મયુર પાટીલ ઉપસ્થિત રહ્યા હતા. આ સંમેલનમાં જીલ્લા ૧૮૧ અભયમ મહિલા ટીમ અને મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી. ૧૮૧ અભયમમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મચારીઓનું મોમેન્ટો અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## લાટીવાળા કોલેજમાં શ્રેષ્ઠ આચાર્યનું તજજ્ઞ વ્યાખ્યાન યોજાયું

મોડાસા, તા. ૩૦

મ.લા. ગાંધી ઉ.કે. મંડળ સંચાલિત એમ.કે. શાહ લાટીવાળા ડી.એલ.એડ. કોલેજમાં તજજ્ઞ વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેમાં એચ.એલ. પટેલ સરસ્વતિ વિદ્યાલયના આચાર્ય અને રાજ્યપાલ દ્વારા પુરસ્કૃત શ્રેષ્ઠ આચાર્ય ડૉ. જીજ્ઞેશભાઈ સુથારે ભાવિ શિક્ષકોને પ્રેરક અને માર્ગદર્શનરૂપ વ્યાખ્યાન આપ્યું હતું. ડૉ. સુથારે પોતાના પ્રેરક પ્રવચનમાં ભાવિ શિક્ષકોને સંબોધ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે શિક્ષક બનતા નથી પણ જન્મતા હોય છે. શિક્ષક કરતાં ડસ્ટરનું મહત્વ વધવું ન જોઈએ.

કોલેજના આચાર્ય ડૉ. સંતોષ દેવકરે વક્તાનું પ્રાસંગિક સ્વાગત કર્યું હતું. તાલીમાર્થીઓ દ્વારા પ્રાર્થના કાર્યક્રમમાં વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જેની સરાહના થઈ હતી. પ્રા. રાજેશ પરમારે આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા કોલેજ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી. શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળના પ્રમુખ નવીનચંદ્ર આર. મોદી તથા પ્રભારી મંત્રી સુભાષભાઈ એમ. શાહે સંસ્થાના આ કાર્યક્રમ બદલ સમગ્ર કોલેજ પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.



### ભિલોડામાં એન.સી.સી. કેમ્પ યોજાયો

ભિલોડા અર્બુદા સેવા સંઘ સંચાલિત માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા મંદીર વિદ્યાલયનો એન.સી.સી. કેમ્પ ૩૪ બટાલીયન હિંમતનગર ધ્વારા થામણા (આણંદ) મુકામે યોજાયો હતો.દસ દિવસીય કેમ્પમાં શાળાના એન.સી.સી. કેડેટ્સએ ભાગ લીધો હતો. કેમ્પમાં કલ્ચર એકટીવીટી, ડ્રીલમાં બેસ્ટ કેડેટ્સ તરીકે મેડલ મેળવ્યા હતા. માતૃશ્રી આર. જે. તન્ના પ્રેરણા મંદીર વિદ્યાલયના કેટેડ્સ ૨૬મી જાન્યુઆરી ૨૦૧૯માં દિલ્હી ખાતે યોજાનાર આર. ડી. સી. કેમ્પ, પ્રિ-આર.ડી.સી. કેમ્પ માટે પસંદગી પામેલ છે. કેમ્પમાં શાળા એન.સી.સી. ઓફીસર દિનેશભાઈ ચૌધરી જોડાયા હતા. માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા મંદીર વિદ્યાલયનું ગૌરવ વધારવા બદલ આચાર્ય રમણભાઈ પટેલ, અર્બુદા સેવા સંઘ મંત્રી દામુભાઈ પટેલ, કેડેટ્સ, એન.સી.સી. ઓફીસરને બિરદાવ્યા હતા.



### દુઃખદ અવસાન

મોટી ઈસરોલના પત્રકાર અને ગામની સેવા મંડળીના વાઈસ ચેરમેન રાજેશભાઈ પટેલના પિતા પરગજુ સ્વભાવ ધરાવતા ધુળાભાઈ શામળભાઈ પટેલનું આજરોજ સવારે ૭ વાગે લાંબી માંદગી બાદ દુઃખદ અવસાન થયું. સદગતના આત્માને ચીર શાંતિ અર્પે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.. તેઓ મુંગા પશુઓ ગાય-ભેંસના વિયાણ સેવાઓ અને નાની મોટી બીમારીઓમાં નિઃસ્વાર્થ ભાવે સેવા આપતા હતા.

# મોડાસામાં મોબાઈલના IMEI નંબર બદલવાના કૌભાંડનો પર્દાફાશ

**IMEI બદલનાર દુકાનદારની ધરપકડ : ગાંજાનો કાળો કારોબાર કરનાર પૂજારી પાસેથી જપ્ત કરેલ મોબાઈલ નંબરનો IMEI નંબર બદલાયેલ હોવાથી સમગ્ર કૌભાંડ બહાર આવ્યું**

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં દેશ-વિદેશમાંથી ચોરી કરાયેલા સ્માર્ટ ફોન મોડાસાના બસ સ્ટેન્ડ વિસ્તારમાં આવેલા નામચીન મોબાઈલ બજારમાં કેટલાક વેપારીઓ મોટા પ્રમાણમાં મોબાઈલ લે-વેચનો વેપલો ચલાવે છે. સમગ્ર દેશમાં મોડાસામાંથી મોબાઈલ સપ્લાય પણ થતા હોવાની માહિતી આધારભૂત સૂત્રો પાસેથી મળી હતી. મોડાસા શહેરમાં કેટલાક લેભાગુ વેપારીઓ ચોરેલા મોબાઈલના IMEI નંબર બદલી ગુન્હાહિત કાર્ય કરી વેપલો કરી રહ્યા છે. જિલ્લા પોલીસતંત્ર પણ આવા વેપારીઓ સામે ખાનાપૂર્તિ કામગીરી કરી રહી હોવાથી વેપારીઓ બેફામ બન્યા છે. વિવિધ રાજ્યોની પોલીસ પણ ચોરાયેલ મોબાઈલ શોધવા માટે છાસવારે મોડાસાના મોબાઈલ માર્કેટમાં તપાસ અર્થે આંટા-ફેરા મારી જતી હોય છે.

મોડાસાના એક મંદિરના પૂજારી વિનયગીરી ગોસ્વામી અને અન્ય એક શખ્સને જિલ્લા એસઓજી પોલીસે ૧૫૦ ગ્રામ ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડી તપાસ હાથ ધરતાં તેના પાસેથી સમગ્ર પ્રકરણમાં કોણ કોણ સંડોવાયેલ છે, તપાસ માટે મોબાઈલ જપ્ત કરી મોબાઈલ કોલ ડિટેઈલ્સના આધારે વધુ તપાસ હાથ ધરાતા પોલીસ ચોંકી ગઈ હતી અને મોબાઈલનો IMEI નંબર બદલેલ હોવાનું જણાતા વિનયગીરીને મોબાઈલની ખરીદી અંગે પુછતા મોડાસાના લક્ષ્મી શોપિંગ સેન્ટરમાં આવેલી એપલ મોબાઈલ દુકાનમાંથી ખરીદ્યો હોવાનું જણાવતા પોલીસે એપલ મોબાઈલમાં રેડ પાડી દુકાન મલિક શાહબાઝ દાઉદભાઈ પટેલ (રહે,તમન્ના સોસા,મોડાસા)ની ધરપકડ કરી વધુ IMEI નંબર બદલેલા ૫ મોબાઈલ કીં. રૂ.૨૮૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાતા મોબાઈલ બજારમાં ગોરખધંધા કરતા કેટલાક મોબાઈલના વેપારીઓ મોબાઈલ સગેવગે કરી દુકાનોના શટર પાડી ફરાર થઈ ગયા હતા.

૧૫૦ ગ્રામ ગાંજો સાથે ઝડપાયેલ વિનયગીરી પૂજારી ૫ દિવસના રિમાન્ડ દરમિયાન રીઢા ગુન્હેગારની જેમ ગાંજાનો ઉપયોગ પ્રસાદ તરીકે કરતો હોવાનું રટણ ચાલુ રાખતા રિમાન્ડ દરમિયાન પોલીસ તપાસમાં મોટું રેકેટ બહાર આવવાની સંભાવનાઓ પર હાલ પૂરતો પૂર્ણ વિરામ મુકતા પોલીસતંત્ર દ્વારા ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવે તો જીલ્લાના યુવાધનને બરબાદીના ગર્તામાં જતા બચાવી શકાય તેવી લોક માંગણી પ્રબળ બની છે.



### પ્રાંતિજ તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘની સામાન્ય સભા યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ધી પ્રાંતિજ તાલુકા સહકારી ખરીદ- વેચાણ સંઘ લિ.ની ૪૪મી વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી. પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ ધી પ્રાંતિજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ.ની ૪૪મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હત. સંઘ કમિટીના સભ્ય તથા સાબરકાંઠા બેંકના ચેરમેન પટેલ મહેશભાઈ અમીચંદભાઈનું સંઘ દ્વારા સન્માન સમારોહ રાખવામાં આવ્યો હતો. જેમાં ધી પ્રાંતિજ તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘના ચેરમેન પટેલ જીતેન્દ્રકુમાર ચીમનભાઈ, પૂર્વ તાલુકા પ્રમુખ કાળુસિંહ રાઠોડ, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન મણીભાઈ પટેલ, બીપીનભાઈ પટેલ, કનુભાઈ પટેલ, સહિત સંઘ કમીટીના સભ્યો સહિત સભાસદો ઉપસ્થિત રહ્યાં હતાં. સતત બીજીવાર સાબરકાંઠા બેંકના ચેરમેન બનવા બદલ પટેલ મહેશભાઈ અમીચંદને ફુલહાર પહેરાવી શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી.



### તલોદના પુંસરી શાળામાં તિથીભોજન

તલોદ તાલુકાના પુંસરી ખાતે શ્રાવણીયા સોમવારને દિને પ્રા. શાળાના અને આંગણવાડીના બાળકોને તિથીભોજન પીરસવાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળા પરિવાર અને દાતાઓની જહેમતથી સંપન્ન થયેલા તિથીભોજનનો આસ્વાદ માણતા બાળકો ખુશખુશાલ જણાતા હતા.